

» ટકાઉ ખેતી પદ્ધતિઓ પ્રોત્સાહિત કરવા અને ખેતીની જમીનના રક્ષણ માટે શ્રીનગરના ડલ લેકમાં બોટ રેલી યોજાઈ હતી.

# અમેરિકાએ ઈરાન સોદાની વિગતો જાહેર કરી

**હોર્મુઝની** સામુદ્રધુનીમાંથી માત્ર ૬૦ દિવસ માટે ટોલ-ફ્રી પસાર થવાની વાત

દુબઈ, સંયુક્ત આરબ અમીરાત (AP) –યુએસના વરિષ્ઠ અધિકારીઓએ દિવસોની ગુપ્તતા પછી બુધવારે પત્રકારોને ઈરાન સાથેના સમજૂતી કરાર (મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ)ની વિગતો વાંચી સંભળાવી (બોલીને લખાવી) હતી અને ઈરાને સંકેત આપ્યો હતો કે, યુનાઈટેડ સ્ટેટ્સ સાથેના તેના કરાર પર રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને મસૂદ પેઝેશ્કિયાન દ્વારા હસ્તાક્ષર થઈ શકે છે.

આ પ્રકારનો હસ્તાક્ષર સમારોહ બંને દેશો માટે એક મોટું પગલું હશે, જેમના વચ્ચે ૧૯૮૦માં તેહરાનમાં યુએસ એમ્બેસીના બંધક સંકટને કારણે રાજદ્વારી સંબંધો તૂટી ગયા હતા.

શુક્રવારે યોજાનારા ઔપચારિક હસ્તાક્ષર સમારોહ પહેલાં યુએસ અધિકારીઓએ નામ ન છાપવાની શરતે એ મુસદ્દા (ડ્રાફ્ટ) વિશે જાણકારી આપી જેને ઈરાને હજી સુધી જાહેર કર્યો નથી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, કરારનો યુએસ મુસદ્દો હોર્મુઝની સામુદ્રધુનીમાંથી માત્ર ૬૦ દિવસ માટે ટોલ-ફ્રી પસાર થવાની સુરક્ષા પણ આપે છે અને તે ભવિષ્યમાં ફી વસૂલવાની શક્યતાને નકારતો નથી.

દરમિયાન ઈરાનમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા એસ્માઈલ બઘાઈને ઈરાની સ્ટેટ ટેલિવિઝન પર બંને રાષ્ટ્રપતિઓ આ કરાર પર હસ્તાક્ષર કરે તેવી સંભાવના વિશે વાત કરતાં ટાંકવામાં આવ્યા હતા.

**ઈરાનને મળનારા મોટા ફાયદા અને આર્થિક પેકેજ**

મધ્યસ્થી તરીકે ભૂમિકા ભજવતા પાકિસ્તાનના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઈરાનને આ કરારથી ઘણા મોટા ફાયદાઓ થવા જઈ રહ્યા છે:

**ઓઈલ વેચવાની તાત્કાલિક છૂટ:** વાટાઘાટોના શરૂઆતના 60 દિવસ દરમિયાન જ અમેરિકા ઈરાનને મુક્તપણે તેલ વેચવાની મંજૂરી આપશે. ઈરાનની વર્ષ 2024માં તેલની આવક $46 અબજથી વધુ હતી. આ છૂટથી અમેરિકાએ ઈરાન પર દબાણ લાવવાનું એક મોટું હથિયાર શરૂઆતમાં જ ગુમાવી દીધું છે.

**$300 બિલિયનનું પુનઃનિર્માણ ફંડ:** અમેરિકા અને ઈઝરાયેલના બોમ્બમારાથી થયેલા નુકસાનના પુનઃનિર્માણ માટે ઈરાનને 300 અબજ ડોલરની રકમ આપવામાં આવશે. અમેરિકી ઉપપ્રમુખ જેડી વેન્સે જણાવ્યું હતું કે આ રકમ અખાતી દેશો (Gulf Nations) રોકશે, જોકે અખાતી દેશો પોતાના નુકસાનને કારણે આ રોકાણ માટે કદાચ ખચકાઈ શકે છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે અમેરિકા આ ફંડમાં કોઈ આર્થિક યોગદાન આપશે નહીં.

**14 મુદ્દાનો કરાર**

**૧. તાત્કાલિક યુદ્ધવિરામ**

આ કરાર પર સહી થતાંની સાથે જ અમેરિકા, ઈરાન અને તેમના સાથી દેશો લેબનોન સહિતના તમામ મોરચે સૈન્ય કામગીરીનો તાત્કાલિક અને કાયમી અંત લાવશે. ભવિષ્યમાં કોઈ પણ પક્ષ એકબીજા સામે સૈન્ય બળ કે યુદ્ધની શરૂઆત નહીં કરવા માટે બંધાયેલા રહેશે.

**૨. સાર્વભૌમત્વનું સન્માન**

બંને દેશો એકબીજાની પ્રાદેશિક અખંડિતતા અને સાર્વભૌમત્વનો સ્વીકાર કરશે અને એકબીજાની આંતરિક બાબતોમાં કોઈ પણ પ્રકારની દખલગીરી કરશે નહીં.

**૩. આખરી કરાર માટે ૬૦ દિવસની સમયસીમા**

બંને પક્ષો આ સમજૂતીના વધુમાં વધુ ૬૦ દિવસની અંદર આખરી શાંતિ કરાર સુધી પહોંચવા માટે વાટાઘાટો પૂર્ણ કરશે. પરસ્પર સંમતિથી આ સમયગાળો વધારી શકાશે.

**૪. દરિયાઈ નાકાબંધી હટાવવી**

સમજૂતી પર સહી થતાં જ અમેરિકા ઈરાન પરની દરિયાઈ નાકાબંધી હટાવવાની શરૂઆત કરશે અને ૩૦ દિવસમાં તેનો સંપૂર્ણ અંત લાવશે. વ્યાપારી જહાજોની અવરજવર યુદ્ધ પૂર્વેની સ્થિતિ મુજબ પુનઃસ્થાપિત કરાશે. આખરી કરારના ૩૦ દિવસ પછી અમેરિકા તેનું સૈન્ય ઈરાનની સરહદો નજીકથી હટાવી લેશે.

**૫. હોર્મુઝની સામુદ્રધુનીમાંથી સુરક્ષિત માર્ગ**

ઈરાન આગામી ૬૦ દિવસ માટે પર્સિયન ગલ્ફથી ઓમાનના સમુદ્ર વચ્ચેના માર્ગ પર વ્યાપારી જહાજો પાસેથી કોઈ પણ ટ્રાન્ઝિટ ફી લીધા વિના સુરક્ષિત પસાર થવાની ગેરંટી આપશે. દરિયાઈ માર્ગમાંથી લશ્કરી અવરોધો અને માઈન્સ હટાવવાનું કામ ૩૦ દિવસમાં પૂરું કરાશે. આ માર્ગના ભવિષ્યના સંચાલન માટે ઈરાન ઓમાન અને અન્ય પડોશી દેશો સાથે આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ ચર્ચા કરશે.

**૬. ઈરાનના પુનઃનિર્માણ માટે ૩૦૦ અબજ ડોલરનું ફંડ**

અમેરિકા તેના પ્રાદેશિક ભાગીદારો સાથે મળીને ઈરાનના આર્થિક વિકાસ અને પુનઃનિર્માણ માટે ઓછામાં ઓછા ૩૦૦ અબજ અમેરિકી ડોલરની યોજના તૈયાર કરશે. આ માટે જરૂરી તમામ નાણાકીય વ્યવહારો અને લાયસન્સ અમેરિકા દ્વારા મંજૂર કરવામાં આવશે.

**૭. તમામ આર્થિક પ્રતિબંધો નાબૂદ કરવા**

અમેરિકા ઈરાન સામેના તમામ પ્રકારના એકપક્ષીય આર્થિક પ્રતિબંધો, સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ઠરાવો અને આંતરરાષ્ટ્રીય અણુ ઉર્જા એજન્સીના પ્રતિબંધોને એક નક્કી કરેલા સમયપત્રક મુજબ સંપૂર્ણપણે નાબૂદ કરવા માટે સંમત થયું છે.

## ટ્રમ્પ અને પેઝેશ્કિયાન હસ્તાક્ષર કરી શકે

બઈ, તા. 16 (એપી): ઈરાનના વિદેશ મંત્રાલયે મોડી બુધવારે સંકેત આપ્યો છે કે, અમેરિકા સાથેનો શાંતિ કરાર બંને દેશોના રાષ્ટ્રપતિઓ એટલે કે ડોનાલ્ડ ટ્રમ્પ અને મસૂદ પેઝેશ્કિયાન દ્વારા સત્તાવાર રીતે હસ્તાક્ષર કરવામાં આવી શકે છે. જો આવી કોઈ હસ્તાક્ષર વિધિ યોજાય, તો તે બંને દેશો માટે એક ખૂબ જ ઐતિહાસિક અને મોટું પગલું સાબિત થશે. ઉલ્લેખનીય છે કે, તેહરાનમાં અમેરિકી દૂતાવાસના બંધક કટોકટીના કારણે વર્ષ 1980માં અમેરિકા અને ઈરાન વચ્ચેના રાજદ્વારી સંબંધો સંપૂર્ણપણે તૂટી ગયા હતા. ઈરાનના સરકારી ટેલિવિઝન દ્વારા વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈના હવાલાથી આ મહત્વપૂર્ણ નિવેદન જાહેર કરવામાં આવ્યું છે. મસૂદ પેઝેશ્કિયાન પશ્ચિમી દેશો સાથેના સંબંધો સુધારવાના વાયદા સાથે જ ઈરાનના રાષ્ટ્રપતિ બન્યા હતા. જોકે, આ વર્ષે જાન્યુઆરી મહિનામાં ઈરાનમાં પ્રદર્શનકારીઓની મોટા પાયે થયેલી હત્યાઓ અને ત્યારબાદ ફાટી નીકળેલા યુદ્ધમાં કટ્ટરપંથીઓએ દેશના શાસનની લગામ પોતાના હાથમાં લઈ લેતા પેઝેશ્કિયાન છેલ્લા કેટલાક મહિનાઓથી હાંસિયામાં ધકેલાઈ ગયા હતા.

## ટ્રમ્પના ઈરાન સાથેના ગુપ્ત શાંતિ કરારથી અમેરિકામાં હોબાળો

**અમેરિકાના** કન્ઝર્વેટિવ નેતાઓ આને ઈરાન સમક્ષ આત્મસમર્પણ ગણાવી રહ્યા છે

વોશિંગ્ટન, તા. 17: ઈરાન સાથેના વિવાદને ખતમ કરવા માટેના અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ગુપ્ત શાંતિ કરારની વિગતો જાહેર થતાં જ અમેરિકાના કન્ઝર્વેટિવ (રૂઢિચુસ્ત) નેતાઓમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. આ પ્રસ્તાવિત કરાર હેઠળ ઈરાનને 300 બિલિયન ડોલરનું પુનઃનિર્માણ ભંડોળ અને આર્થિક રાહતો આપવાની જોગવાઈ હોવાના અહેવાલો છે, જેને વિવેચકો ઈરાન સમક્ષ આત્મસમર્પણ ગણાવી રહ્યા છે. જોકે, વ્હાઇટ હાઉસના અધિકારીઓએ આ ટીકાઓને ફગાવી દેતા સ્પષ્ટ કર્યું છે કે આ કરાર સંપૂર્ણપણે ઈરાનની કામગીરી પર આધારિત છે. જો ઈરાન પરમાણુ હથિયારો ન બનાવવાની, પોતાના સંવર્ધિત પરમાણુ પદાર્થોને નિષ્ક્રિય કરવાની અને હોર્મુઝની સામુદ્રધુનીમાં આંતરરાષ્ટ્રીય જહાજોની અવરજવરને અવરોધિત ન કરવાની શરતોનું પાલન કરશે, તો જ તેને આ આર્થિક લાભો મળશે. આ કરાર હેઠળ 60 દિવસની વાટાઘાટોનો સમયગાળો નક્કી કરવામાં આવ્યો છે, જેમાં ઈરાનને અસ્થાયી રૂપે તેલ વેચવાની અને બેંકિંગ તેમજ પરિવહન સેવાઓનો ઉપયોગ કરવાની છૂટ મળશે. જોકે, જોન બોલ્ટન અને માઈક પોમ્પિયો જેવા પૂર્વ વરિષ્ઠ અમેરિકી અધિકારીઓએ આ કરારની આકરી આલોચના કરતા જણાવ્યું છે કે આ એક ખૂબ જ ખરાબ સમજૂતી છે અને ઈરાનને મળનારી કોઈપણ આર્થિક રાહતનો ઉપયોગ તે પોતાના સૈન્ય તેમજ આતંકી સંગઠનોને મજબૂત કરવા માટે જ કરશે. આ વિવાદ વચ્ચે ઉપ-પ્રમુખ જેડી વેન્સે સ્પષ્ટતા કરી છે કે આ વિકાસ ભંડોળનો બોજ અમેરિકાના કરદાતાઓ પર નહીં પડે અને જો ઈરાન પોતાના પરમાણુ કાર્યક્રમને કાયમી ધોરણે બંધ કરશે તો જ આ બાબત આગળ વધશે.

# સંતુલન ગુમાવતા ટ્રમ્પે પીએમ મોદીનો હાથ પકડ્યો

**ફોટો** સેશન દરમિયાન ટ્રમ્પે સંતુલન ગુમાવ્યું હતું ત્યારે પીએમ મોદીએ તેમની મદદ કરવા હાથ લંબાવ્યો હતો



પેરિસ, તા. 17: ફ્રાન્સમાં યોજાયેલા જી-7 સંમેલનમાં મંગળવારે વૈશ્વિક નેતાઓના 'ફેમિલી ફોટો' દરમિયાન એક રસપ્રદ ક્ષણ જોવા મળી હતી, જ્યારે હાલમાં જ 80 વર્ષના થયેલા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સ્ટેજ પર ચડતી વખતે થોડી ક્ષણ માટે અસંતુલિત જણાતા તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો હાથ પકડી લીધો હતો. પ્રમુખ ટ્રમ્પ જ્યારે ઘાસ અને પથ્થરો પરથી પસાર થઈને ફોટો માટે બનાવેલા સ્ટેજ તરફ આગળ વધી રહ્યા હતા, ત્યારે પગથિયું ચડતી વખતે અન્ય નેતાઓની સાથે પીએમ મોદીએ પણ મદદ માટે હાથ લંબાવ્યો હતો. ટ્રમ્પે પીએમ મોદીનો હાથ મજબૂતીથી પકડીને સંતુલન મેળવ્યું હતું અને સ્ટેજ પર ચડીને કેમેરા સામે પોઝ આપ્યો હતો. આ નાની ઘટના સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. ફોટો સેશન પૂરો થયા પછી પણ નીચે ઉતરતી વખતે ટ્રમ્પે પીએમ મોદીનો હાથ પકડી રાખ્યો હતો. આ સંમેલનમાં ટ્રમ્પનો શેડ્યૂલ ખૂબ જ વ્યસ્ત રહ્યો છે, જેમાં તેમણે કતાર, યુએઈ, યુક્રેન અને ભારત સહિતના નેતાઓ સાથે મુલાકાત કરી છે. તેમણે ઈરાન સાથે 60 દિવસના યુદ્ધવિરામ અને પરમાણુ હથિયાર ન બનાવવાના કરાર અંગે પણ ચર્ચા કરી છે, જેના પર શુક્રવારે સ્વિટ્ઝર્લેન્ડમાં હસ્તાક્ષર થવાના છે.

**કમાન્ડની વેબસાઇટ પર ભારતના નકશામાં POKને પાકિસ્તાનમાં દર્શાવતા મોટો વિવાદ**

# અમેરિકાએ 'ઈન્ડો-પેસિફિક કમાન્ડ'માંથી 'ઈન્ડો' શબ્દ હટાવ્યો

**વર્ષ** 2018માં ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યકાળ દરમિયાન ચીન સામે ભારતને મહત્વ આપવા આ કમાન્ડનું નામ બદલીને 'ઇન્ડો-પેસિફિક' કરવામાં આવ્યું હતું

**શશિ** થરૂરે પ્રશ્ન કર્યો શું આ ક્વાડના અંતની શરૂઆત છે




2018માં ડોનાલ્ડ ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન હિંદ મહાસાગર અને પ્રશાંત સાગર વચ્ચે વધતા જોડાણના મહત્વને ધ્યાનમાં રાખીને આ કમાન્ડનું નામ 'ઈન્ડો-પેસિફિક' કરવામાં આવ્યું હતું. અમેરિકી સત્તાવાળાઓએ સ્પષ્ટ કર્યું છે કે નામ બદલાવા છતાં આ કમાન્ડની ઓપરેશનલ ભૂમિકા, વ્યૂહાત્મક મિશન કે અમેરિકાના પશ્ચિમ કિનારાથી લઈને ભારતની પશ્ચિમી સરહદ સુધીના ભૌગોલિક વિસ્તાર સુધીની તેની જવાબદારીમાં કોઈ ફેરફાર થશે નહીં.

વોશિંગ્ટન, તા. 17 (પીટીઆઈ): અમેરિકાએ એક મોટો નિર્ણય લેતા પોતાના 8 વર્ષ જૂના નિર્ણયને ઉલટાવી દીધો છે અને 'યુએસ ઈન્ડો-પેસિફિક કમાન્ડ'નું નામ બદલીને ફરીથી તેનું મૂળ નામ 'યુએસ પેસિફિક કમાન્ડ' (USPACOM) કરી દીધું છે.

અમેરિકી સંરક્ષણ મંત્રાલયે મંગળવારે આ જાહેરાત કરતા જણાવ્યું હતું કે, આ ફેરફાર કમાન્ડના 1947ના ઐતિહાસિક વારસા અને સંસ્થાકીય ઓળખને સન્માન આપવા માટે કરવામાં આવ્યો છે, જેની સ્થાપના તત્કાલીન પ્રમુખ હેરી ટ્રુમેન દ્વારા કરાઈ હતી. વર્ષ

## વેબસાઈટ પર ભારતનો ખોટો નક્શો મૂકાતા વિવાદ ઉભો થયો

આ નિર્ણયની સાથે જ એક નવો વિવાદ પણ સામે આવ્યો છે. આ કમાન્ડની સત્તાવાર વેબસાઇટ પર ભારતના ઓપરેશનલ વિસ્તારના નકશામાં પાકિસ્તાન હસ્તકનું કાશ્મીર (પીઓકે) પાકિસ્તાનના ભાગ તરીકે દર્શાવવામાં આવ્યું છે, જે ભારતનો સત્તાવાર ખોટો નકશો છે. ઉપરાંત 'અક્સાઈ ચિન'ને પણ ભારતના ભાગ તરીકે દર્શાવવામાં આવ્યું નથી. આ વેબ પેજ છેલ્લે માર્ચ મહિનામાં અપડેટ કરવામાં આવ્યું હતું. જોકે ભારત હંમેશાં એ વાત પર અડગ રહ્યું છે કે 1947માં જમ્મુ-કાશ્મીરના 'સંપૂર્ણ, કાયદેસર અને અફર જોડાણ' ના આધારે જમ્મુ-કાશ્મીર અને લડાખના કેન્દ્રશાસિત પ્રદેશો ભારતનો અભિન્ન અને અવિભાજ્ય હિસ્સો છે. કોંગ્રેસે આ નકશા વિવાદ અંગે ભાજપ સરકારની ટીકા કરી છે. કોંગ્રેસના મીડિયા અને પબ્લિસિટી વિભાગના વડા પવન ખેડાએ કહ્યું કે, 'મોદીજીના મિત્રોની ભારત અને ભારતના હિતો વિરુદ્ધ કામ કરવાની એક વિચિત્ર આદત છે. તાજેતરનું ઉદાહરણ યુએસ પેસિફિક કમાન્ડે વાપરેલો ભારતનો ખોટો નકશો છે, જેમાં જમ્મુ-કાશ્મીરને બાકાત રાખીને પીઓકેને પાકિસ્તાનનો પ્રદેશ દર્શાવવામાં આવ્યો છે. જ્યારે દેશના વડાપ્રધાને દેશને આવા શોષણયુક્ત સંબંધોમાં ધકેલી દીધો હોય, ત્યારે કોઈ પણ દેશને દુશ્મનોની શું જરૂર છે?'

# બાંગ્લાદેશમાં કટ્ટરપંથીઓની ધમકી બાદ રામની 81 ફૂટ ઊંચી પ્રતિમાનું કામ અટકાવાયું

**કટ્ટરપંથીઓ** દ્વારા સરકાર દ્વારા મૂર્તિને બુલડોઝરથી તોડી પાડવા અથવા સામાન્ય મુસ્લિમો દ્વારા તેને ધ્વસ્ત કરવાની ધમકી અપાઈ હતી

**આ** ઘટનાથી બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓની ધાર્મિક સ્વતંત્રતા અને સુરક્ષા પર ગંભીર સવાલો ઊભા થયા

**ભગવાન** રામ ઉપરાંત 50 ફૂટ ઊંચી ભગવાન શ્રીકૃષ્ણની અને 30 ફૂટ ઊંચી શિવજીની પ્રતિમા પણ બનાવવાની યોજના છે



ઢાકા, તા. 17: બાંગ્લાદેશના ઉત્તરી ગાયબાંધા જિલ્લાના પલાશબારીમાં એક મંદિર પરિસરની અંદર ભગવાન રામની 81 ફૂટ ઊંચી પ્રતિમાનું નિર્માણ થઈ રહ્યું હતું, જે દેશમાં ભગવાન રામની સૌથી મોટી પ્રતિમા બનવાની હતી. જોકે, આશરે 80 ટકા કામ પૂર્ણ થયા પછી કટ્ટરપંથી ઈસ્લામિક સંગઠનોની ધમકીઓ અને સોશિયલ મીડિયા પર ચાલી રહેલા ભારે દબાણને કારણે હાલમાં તેનું કામ અટકાવી દેવામાં આવ્યું છે. અંદાજે 220 મિલિયન ટકા (15.6 કરોડ રૂપિયા)ના આ પ્રસ્તાવિત પ્રોજેક્ટમાં ભગવાન રામ ઉપરાંત 50 ફૂટ ઊંચી ભગવાન શ્રીકૃષ્ણની અને 30 ફૂટ ઊંચી ભગવાન શિવજીની પ્રતિમા પણ બનાવવાની યોજના છે.

મંદિર સમિતિના જણાવ્યા મુજબ, સામાજિક સૌહાર્દ અને કાયદો-વ્યવસ્થા જાળવી રાખવા માટે હાલ પૂરતું આ કામ રોકવાનો નિર્ણય લેવાયો છે, કારણ કે આયોજકોમાં કટ્ટરપંથીઓનો ભારે ડર છે. તાજેતરમાં જ એક ઈસ્લામિક ઉપદેશકનો વીડિયો વાયરલ થયો હતો જેમાં સરકાર દ્વારા આ મૂર્તિને બુલડોઝરથી તોડી પાડવા અથવા સામાન્ય મુસ્લિમો દ્વારા તેને ધ્વસ્ત કરવાની ધમકી અપાઈ હતી. આ વિરોધ પ્રદર્શન દરમિયાન ભગવાન રામની છબીનું અપમાન પણ કરવામાં આવ્યું હતું, જેના વિરોધમાં ઢાકા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ મંગળવારે રાત્રે મશાલ સરઘસ કાઢીને ગુનેગારોની ધરપકડ કરવાની અને પ્રતિમાનું કામ ફરી શરૂ કરવાની માંગ સાથે શાહબાગ ચાર રસ્તા પર ચક્કાજામ કર્યો હતો.




## સિંગર સોનુ નિગમની ગરદનની નસો દબાઈ ગઈ



મુંબઈ, તા. 17 : સિંગર સોનુ નિગમની ગરદનની નસો દબાઈ ગઈ છે. આ માહિતી સિંગરે ખુદ સોશિયલ મીડિયા દ્વારા આપી અને બતાવ્યું કે, કેવી રીતે તેઓ પટ્ટીઓ લગાવીને પરફોર્મન્સની તૈયારી કરી રહ્યા છે. આ ઘટના 13 જૂનની છે. સોનુ નિગમે ઓફિશિયલ ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી એક વીડિયો પોસ્ટ કર્યો, જેમાં તેમણે કહ્યું, જુઓ મારી ગરદનની નસો દબાઈ ગઈ છે. હું તો એક અઠવાડિયાથી ભોગવી રહ્યો છું. એમઆરઆઈ, સીટી સ્કેન બધું જ થયું. દવાઓ, ફિઝિયોથેરાપી ખૂબ જ થકવી નાખનારું કામ છે. હાલમાં પેઇનકિલર્સ લઈ રહ્યો છું, જેનાથી ગળું પણ થોડું ભારે થઈ ગયું છે. આગળ સિંગરે કહ્યું, આજે (13 જૂન) હું એક મહિના ને 10-12 દિવસ પછી પરફોર્મ કરી રહ્યો છું. મારો કોન્ફિડન્સ એમ પણ થોડો ઓછો છે. ભગવાન સ્ટેજ પર મને શક્તિ આપે.

## એસેલ ગ્રુપના સુભાષ ચંદ્રાએ દિલ્હીનો બંગલો રૂ.૧,૨૬૦ કરોડમાં વેચ્યો

**૨૦૧૫માં** રૂ.૩૦૪ કરોડમાં ખરીદેલી પ્રોપર્ટીના ભાવ ૧૦ વર્ષમાં ૪ ગણા વધ્યા



નવી દિલ્હી, તા. ૧૭ : એસેલ ગ્રુપના ચેરમેન સુભાષ ચંદ્રાએ દિલ્હીના પ્રતિષ્ઠિત લ્યુટિયન્સ ઝોનમાં આવેલો એક પ્રાઇમ બંગલો ૧,૨૬૦ કરોડ રૂપિયામાં વેચ્યો છે, જેને તાજેતરના વર્ષોમાં સૌથી મોંઘા પ્રોપર્ટી સોદાઓમાંથી એક તરીકે વર્ણવવામાં આવી રહ્યો છે. એમ સૂત્રોએ સમાચાર સંસ્થા પીટીઆઈને જણાવ્યું હતું. ચંદ્રાએ ૨૦૧૫માં આ બંગલો ૩૦૪ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. આ તાજેતરનો સોદો છેલ્લા એક દાયકામાં પ્રોપર્ટીના મૂલ્યમાં ચાર ગણા કરતાં વધુ વધારો દર્શાવે છે. કનોટ પ્લેસ અને ઇન્ડિયા ગેટ નજીક ભગવાન દાસ રોડ પર આવેલી આશરે ત્રણ એકરની આ પ્રોપર્ટી દિલ્હી સ્થિત એક બિઝનેસ પરિવાર દ્વારા ખરીદવામાં આવી છે. ખરીદનારની ઓળખ અત્યાર સુધી જાહેર કરવામાં આવી નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ટ્રાન્ઝેક્શન ડિસેમ્બરના પ્રથમ સપ્તાહ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. રાષ્ટ્રીય પાટનગરના હૃદય સમાન વિસ્તારમાં આવેલો અને ચુસ્તપણે નિયંત્રિત લ્યુટિયન્સ બંગલો ઝોન આશરે ૩,૦૦૦ બંગલાઓ ધરાવે છે અને તે લાંબા સમયથી સત્તા અને વિશેષાધિકારનો પર્યાય રહ્યો છે. વરિષ્ઠ સરકારી અધિકારીઓ, ન્યાયાધીશો, રાજદ્વારીઓ અને ઉદ્યોગપતિઓના એક પસંદગીના જૂથનું ઘર એવા આ વિસ્તારમાં કડક વિકાસ નિયમો અને જમીનની મર્યાદિત ઉપલબ્ધતા છે.

**G-7માં માઇક ચાલુ રહી ગયું ને આંતરરાષ્ટ્રીય નેતાઓની 'સિક્રેટ' વાતો જાહેર**

# મેલોનીએ સિગરેટ છોડી, મેક્રોનની ઘડિયાળ પર ટ્રમ્પની નજર

**મેલોનીએ** પીએમ મોદીને કહ્યું આપણે ઈન્સ્ટાગ્રામ પર સૌથી વધુ પ્રખ્યાત છીએ

**મેક્રોને** તમામ નેતાઓને સાયકલ ભેટમાં આપી

પેરિસ, તા. 17: જી-7 શિખર સંમેલન દરમિયાન માઈક ચાલુ રહી જવાના કારણે આંતરરાષ્ટ્રીય નેતાઓની અનૌપચારિક અને મજાકિયા વાતચીત જાહેરમાં આવી ગઈ છે. આ દરમિયાન ઈટાલીનાં વડાપ્રધાન જોર્જિયા મેલોનીએ જણાવ્યું કે તેમણે 1 મેથી સિગરેટ પીવાનું છોડી દીધું છે જેના કારણે ઉંઘ ભગાડવા તેમને કોફી પીવી પડે છે, જેના પર કેનેડા અને બ્રિટનના નેતાઓએ તેમને અભિનંદન આપ્યા હતા. અમેરિકા, કેનેડા અને મેક્સિકોમાં ચાલી રહેલા ફૂટબોલ વિશ્વકપ વચ્ચે નેતાઓ રમતગમત પર ચર્ચા કરતા પણ સંભળાયા હતા, જેમાં ફ્રાન્સ પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને પોતાની ટીમનું સમર્થન કર્યું હતું. બીજી બાજુ, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના 80મા જન્મદિવસે વ્હાઈટ હાઉસમાં યોજાયેલા મુકાબલા બદલ યુએફસી (UFC)ના પ્રમુખ ડેના વ્હાઈટના વખાણ કર્યા હતા.

આ બેઠકમાં ટ્રમ્પે યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા સામે 'ગ્રીનલેન્ડ'નો રહસ્યમય ઉલ્લેખ કર્યો હતો. જ્યારે મેક્રોન પોતાની ઘડિયાળ ભૂલી ગયા ત્યારે ટ્રમ્પે મજાકમાં કહ્યું જો તેઓ ભૂલી ગયા છે તો મને આપી દો. આ સંમેલનમાં મેક્રોને તમામ નેતાઓને સાયકલ ભેટમાં આપી હતી જેના પર લોકોએ પ્રશ્ન કર્યો હતો કે ટ્રમ્પ સાયકલનું શું કરશે કારણ કે તેઓ ગોલ્ફ સિવાય બીજી કોઈ શારીરિક પ્રવૃત્તિ કરતા નથી.


## હું બોસ છું: જી૭માં પોતાની બેઠક લેતાં ટ્રમ્પે મજાક કરી

પેરિસ, તા. 17: અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે વૈશ્વિક નેતાઓથી ભરેલા રૂમમાં કહ્યું, "હું બોસ છું." કારણ કે, તેમણે અને જી૭ના અન્ય વડાઓએ યુક્રેનની સુધરેલી યુદ્ધભૂમિની સ્થિતિનો સ્વીકાર કરીને સમર્થનનો સંયુક્ત સંકલ્પ લીધો હતો અને રશિયા સામે નવા પ્રતિબંધો જાહેર કર્યા હતા. ટ્રમ્પની આ ટિપ્પણી - ફ્રેન્ચ રિસોર્ટ એવિયન-લેસ-બેન્સમાં પશ્ચિમી દેશોના જી૭ જૂથની ૧૫-૧૭ જૂને યોજાયેલી સમિટમાં ન કહેવાયેલા સત્યની રમૂજી સ્વીકૃતિ હતી - જે નેતાઓના એક સંયુક્ત નિવેદન પછી આવી હતી, જે મોસ્કો સાથેની સંભવિત શાંતિ વાર્તાલાપમાં યુક્રેનના વધી રહેલા પ્રભાવને મજબૂત કરી શકે છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કી અને તેમના સહયોગીઓ જી૭માં ટ્રમ્પને એ વાતની ખાતરી આપવાની આશા સાથે આવ્યા હતા કે યુક્રેનની વળતી લડત પરિણામો આપી રહી છે અને રશિયા કોઈ પણ શાંતિ કરાર માટે શરતો નક્કી કરવાની સ્થિતિમાં નથી.

**મસ્કની સ્પેસએક્સે $૬૦ અબજમાં કર્સર ખરીદતા**

# ભારત-પાકના બે યુવાનો રાતોરાત બન્યા અબજોપતિ

**૨૫ વર્ષના** અમન સંગર અને ૨૬ વર્ષના સુલેહ આસિફને ઓલ-સ્ટોક ડીલ હેઠળ મળશે $૨.૭-$૨.૭ અબજના સ્પેસએક્સ શેર



નવી દિલ્હી, તા. ૧૭: સિલિકોન વેલીમાં મલ્ટી-બિલિયન ડૉલરની ડીલ વિશે રોજ સાંભળવા મળતું નથી અને તે પણ ઈલોન મસ્ક દ્વારા કરવામાં આવ્યું હોય. પરંતુ મસ્કની સ્પેસએક્સ કંપનીએ તાજેતરમાં કર્સર બનાવતી કંપનીને 60 અબજ યુએસ ડોલરમાં ખરીદી લીધી છે અને આ ખરીદીએ બે ટેકીઓ, અમન સંગર અને સુલેહ આસિફને અબજોપતિ બનાવી દીધા છે. ૨૫ વર્ષના અમન ભારતીય પરિવારમાંથી આવે છે, જ્યારે ૨૬ વર્ષના આસિફનો જન્મ કરાચી, પાકિસ્તાનમાં થયો હતો.

સ્પેસએક્સ કર્સરની પેરન્ટ કંપની એનીસ્ફિયરને 60 અબજ ડોલરમાં ખરીદી રહી છે. અહેવાલો અનુસાર, અમન સંગર અને સુલેહ આસિફ એનીસ્ફિયરમાં આશરે ૪.૫ ટકા હિસ્સો ધરાવે છે. ફોર્બ્સના જણાવ્યા અનુસાર, અમન અને આસિફ સ્પેસએક્સની આ ખરીદીથી દરેક 2.7-2.7 અબજ ડોલર કમાશે, જે અનિવાર્યપણે તેઓને રાતોરાત અબજોપતિ બનાવી દેશે.

કર્સરની સ્થાપના ૨૦૨૨માં અમન, આસિફ અને અન્ય બે ટેકીઓ - માઈકલ ટ્રુએલ અને આર્વિડ લુન્નેમાર્ક દ્વારા કરવામાં આવી હતી. માઈકલ અને આર્વિડને પણ દરેકને 2.7-2.7 અબજ ડોલર મળવાની અપેક્ષા છે. પરંતુ ધ્યાનમાં રાખો કે કર્સર ખરીદી એ ઓલ-સ્ટોક ડીલ હતી. એટલે કે, અમન અને અન્ય લોકોને તેમના 2.7 અબજ ડોલર સ્પેસએક્સના શેરના રૂપમાં મળશે.


**WALK IN INTERVIEW**

Applications are invited for "Guest Teachers" of various subjects to engage for academic session 2026-27 in EMRSs on 25/06/2026, 8:00 am at EMRS Waghalkhod, near SRP Camp, Ta. Valia, Dist. Bharuch (Gujarat). For further details, visit: emrsjhagadiya.org.in and NESTS website and details notification

માહિતી/ભરૂચ/૧૧૯/૨૦૨૬








**SURAT MUNICIPAL CORPORATION**
**TRAFFIC-BRTS PROJECT CELL**
FIT INDIA

e-Tender (Online) invitation Notice No.ACE & I/C C.E / Traffic BRTS Pro. Cell /02/2026-27

Tenders are invited for various Dept. works online on https://smctender.nprocure.com from Government Approved/Experienced Contractor with following Schedule.

| | | |
|---|---|---|
| 1. | Name Of the Department: | Traffic BRTS Project Cell |
| 2. | Nos. of works | 03(THREE) |
| 3. | Total Estimated Cost of Tender | Rs.2,60,21,209.83 |

The detail tender notice will be made available on website www.suratmunicipal.gov.in

No. PRO/76/2026-27 I/C City Engineer
Date: 17-06-2026 Surat Municipal Corporation